શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૬ • તા.૧૬ નવેમ્બર થી ૨૨ નવેમ્બર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## યોગ્ય જોડી બનાવવાનો સગપણ સેતુનો પ્રયાસ અદ્ભૂત સફળતાને વર્યો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# નમે તે સૌને ગમે

એક બોધ કથા છે. સખત વાવાઝોડું આવ્યું જે માલ મિલકતનું સર્વનાશનું કારણ બન્યું. અસંખ્ય માનવજીવનના મોતનું કારણ બન્યું. આ કુદરતી આપદાથી કુદરતનો કોપ કોને કહેવાય તેનો હુબહુ પરિચય થયો. સીમાડામાં ઉગેલા મોટા મોટા વૃક્ષ અક્કડ રહ્યાં એ તૂટીને કડકભૂસ થઈ ગયા જ્યારે જે પરિસ્થિતિ સમજીને નમી ગયા એ ઉગરી ગયા, બચી ગયા વાવાઝોડું આવ્યું ને વિનાશ વેરી ચાલી ગયું પણ સમાજાવીને એક સંદેશો આપી ગયું કે નમે તે સૌને ગમે પરિસ્થિતિ પ્રમાણે પોતાને ન બદલાવશો તો ખપી જશો, તૂટી જશો, જડમૂળથી ઉખડી જશો.

જિંદગીના પ્રવાહનું પણ એવું જ છે. જે જે લોકો પરિસ્થિતિ પ્રમાણે નમતા નથી. ઝૂકતા નથી અક્કડ બનીને સોટી જેવા સીધા થઈને ઊભી રહે છે તે સંજોગોમાં સપડાઈ ખડકો જાય છે. પોતાના ગુમાનના ભારથી ભોંયસોંત થઈ જાય છે. પણ જે પરિસ્થિતિ સંજોગને સમજીને નીચે ઝૂકી જાય છે. તે નવજીવન પામે છે. આમ જે હવાની જેમ વહે છે અને પાણીના પ્રવાહની જેવા સપાટ ગતિમાં દોડે છે. તે બચી જાય છે. જિદ્દી, અકડુ અને હઠાગ્રહી સ્વાભાવના લોકો બટકી જાય છે. સરળ સીધાં અને પરિસ્થિતિ પ્રમાણે પોતાની જાતને ઢાળી દેનાર નવું જીવન માણે છે.

પ્રસિદ્ધ ચિંતક લાઓત્સે કહે છે કે હવા જેવા બનો અને નદીના પ્રવાહી જેમ વહેતા રહો તો જીવનનો આનંદ મળશે. પણ આપણી મુશ્કેલી એ છે કે આપણે વહેતા નથી. રોડાની જેમ આડા રહી અન્યોનું રસ્તો રોકી પાડીએ છીએ નથી ચાલતા કે આગળ વધતા કે નથી કોઈને ચાલવા દેતા. જેને લીધે સમયના પ્રવાહ સાથે તાલ મેળવી શકતા નથી.

આવી જ સમજણ વિષેની અજ્ઞાનતા પ્રર્વતે છે. દરેક જણ બીજાથી પોતે સમજદાર છે તેમ જીવે છે. પોતાને અતિજ્ઞાની સમજનાર હકીકતમાં અહંકાર ભર્યો હોય છે. પણ અતિજ્ઞાની છું ની સમજ આપણને અંધ બનાવી દે છે. અને આ બાબતમાં હું અજ્ઞાની છું એવું સ્વીકાર કરવું આપણા માટે મુશ્કેલ ભર્યું થાય છે.

દરેક વિષયમાં દરેક જાહેર બાબતોમાં આપણું જેટલું જ્ઞાન હોય જેટલો આપણને બોલવાનો કહેવાનો અધિકાર હોય એટલો જ અન્યોને કહેવું જોઈએ. નહિ તો આપણી વાણી વ્યર્થ બની જાય છે. આપણા કાર્યક્ષેત્રની બહારની વસ્તુને છેડવી કે છંછેડવી ન જોઈએ એમાં જ શાણપણ છે. પણ અતિજ્ઞાનીનો બોજ ને લીધે આપણે વાતવાતમાં ડહાપણ ડોળવા બેસીજઈએ છીએ. સલાહ સંભાળવી ગમતી નથી આપવી ગમે છે. પણ આપણી જીદ, અહંકાર અને અજ્ઞાનને લીધે સાચી વાત કોઈને સમજાતી નથી. અહંકારનો પાટો આંખો આડે હોવાને લીધે સરળને સાચો રસ્તો આપણને દેખાતો નથી.

આ વ્યવહાર સમાજમાં કે જાહેરમાં કે જાહેર જીવનમાં આપણને પછાત પાડે છે. અજ્ઞાન, અહંકાર અને અક્કડપણું આખરે માણસને લટકાવી દે છે. વ્યવહારથી ભટકાવી દે છે. જ્યારે નમ્રતા સજ્જનતા અને ધૈર્ય પણું આપણને કંઈ કેટલી મુશ્કેલીઓમાંથી બચાવી લે છે. જગતમાં બધું જ સારું અને સુખમય છે પણ એ બધાનો આધાર આપણે કેવા છીએ, કેવા વર્તીએ છીએ અને કેવી રીતે સૌની પ્રત્યે વ્યવહાર રાખીએ છીએ એની ઉપર નિર્ભર છે બાકી જે નમી જાય છે તે સૌને ગમી જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# અધર્મ સામે ધર્મનો જંગ

જીવનમાં સત્યની અસત્ય સામે, ધર્મની અધર્મ સાથે અને પ્રકાશની લડત અંધકાર સામે સતત ચાલતી રહે છે. સુમતિએ કુમતિને હરાવવા, લગાતાર મથવું પડે છે. સત્કર્મે પોતાનું અસ્તિત્વ ટકાવવા દુષ્કર્મનો સામનો કરવો પડે છે. આ જીવનની સચ્ચાઈ છે. નીતિમય જિંદગી વિતાવવા અનીતિ હરહમેંશા બાધારૂપ બને છે. સમાજમાં દૈવી પ્રકૃતિવાળી વ્યક્તિનો ટકરાવ આસુરી પ્રકૃતિવાળી વ્યક્તિ સાથે થાય તે સ્વભાવિક વાત છે. સારા આદર્શ હમેંશા ખરાબ આદર્શવાળા સાથે ટકરાય છે. જ્યારે જ્યારે આ પ્રકારે સજ્જન વ્યક્તિઓની કે વિચારોની જ્યારે દુર્જન વ્યક્તિઓ સાથે કે એવા વિચારો લક્ષણો ધરાવતી તાકાત સાથે થાય છે ત્યારે આપણને પ્રશ્ન થાય કે આ બે બળુકાઓમાંથી કોની જીત થશે? સારી વ્યક્તિઓ ખરાબ વ્યક્તિઓની તાકાત સામે નબળી પડતી જતી હોવાનું લાગે છે પણ ઈતિહાસ સાક્ષી છે કે આખરે સત્યનો, સદાચારનો અને સત્કર્મોનો વિજય થાય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

અનિષ્ટ તત્વોની સામે લડાઈ લડીને પછી ધર્મની સ્થાપના એટલે શાસ્ત્રીય રીતે સ્થાપિત થયેલ આદર્શોને અનુરૂપ વ્યવસ્થા. ધર્મની સ્થાપના એટલે સૃષ્ટિના સમીકરણોની સ્વીકૃતિ. અહંકાર, સ્વાર્થ અને અનિષ્ટ ભાવોની સંપૂર્ણ નાબૂદી. ધર્મની સ્થાપના એટલે નીતિ આધારિત જીવનશૈલીનું પ્રભુત્વ. દરેક વ્યક્તિ પોતાના ઉતરદાયિત્વનું સંપૂર્ણતામાં પાલન કરી શકે તેવી પરિસ્થિતિ. ધર્મની સ્થાપના એટલે સમગ્ર સમાજના વિશાળજન સમુદાયમાંથી કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા કટ્ટર શત્રુઓનું પલાયન થવું. સાત્વિકતાનો ઉદય, સત્યનો પ્રભાવ અને તેનો વધતો જતો વિસ્તાર. સમગ્રતામાં શાંતિ અને સંતોષનો પ્રસાર સમાજની શ્રધ્ધા વિશ્વાસ માટે પ્રતિબધ્ધતા અને સર્વત્ર સંપૂર્ણતાનો અહેસાસ.

ગીતામાં કૃષ્ણ ભગવાને ધર્મની સ્થાપના માટે પોતાની કટિબધ્ધતા દર્શાવી છે. દુષ્ટ તત્વોના વિનાશની અને સાધુજનોના સંરક્ષણની પણ વાત કરી છે. સમાજમાં ધર્મનિષ્ઠા પ્રર્વતી રહે એ માટે સાધુ કે સજ્જનોની બહુ સંખ્યા હોવી જોઈએ. તેમનું માન સન્માન થતું રહે તેમનું સંરક્ષણ થતું હોય. તો સમાજનું કલ્યાણ કરવા પ્રજા કટિબધ્ધકૃત નિશ્ચયી હોય છે.

અધર્મ સામે ધર્મનો વિજય સહેલો નથી. ધર્મ અને નીતિનું આચરણ કરવું અને તેનું જતન કરી જાળવી રાખવું જરૂરી છે. ઘોર અંધકારી પછી પ્રકાશ પુંજનું ઉત્પન્ન થવું એ એક ઉત્સવ છે. તેની ઉજવણી લોકો તહેવાર મનાવી ને કરે છે. નાના, મોટા જીવ સંરક્ષિત ભાવથી રહે, જીવન વ્યતિત કરે અન ભૌતિક સુખ, સંપત્તિ શાંતિ સાથે આનંદ અને સંતોષની લાગણીને લીધે અસ્તિ્વ ટકી રહે એવો સમયગાળો યજ્ઞ સમાન છે. જેમાં પોત પોતાની ક્ષમતા મુજબ આહુતિ આપવી પડે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# યોગ્ય જોડી બનાવવાનો સગપણ સેતુનો પ્રયાસ અદ્ભૂત સફળતાને વર્યો







શ્રી ક.દ.ઓ. મુંબઈ મહાજન દ્વારા તા.૧૦ નવેમ્બર રવિવારના ભાંડુપના મેવાડ કેસરી હોલમાં સગપણ સેતુના નેજા હેઠળ જ્ઞાતિ પરિવારના સંતાનોને યોગ્ય જોડીદાર મળે એવા ઉદ્દેશની પૂર્તિ અર્થે પરિચય મિલનનું આયોજન કરાયું.

પરિચય મિલનમાં સહભાગી થવા ૨૯૦ જેટલા લગ્નોત્સુક યુવક યુવતીઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને સારી સંખ્યામાં મુંબઈ ઉપરાંત, ગદગ, બેંગલોર, અમદાવાદ, કચ્છ વિગેરે સ્થળોથી ઉમેદવારો હોંશપૂર્વક પધાર્યા હતા. યુવક-યુવતી સાથે એક વાલી પણ સ ંગાથે આવ્યા હતા. પ્રથમ એન્ટ્રી કરી નોંધાણી કરાવીને બેચ મેળવ્યો હતો. ત્યારબાદ બ્રેક ફાસ્ટ કાઉન્ટર પર જઈ ચા-કોફી નાસ્તાને ન્યાય આપ્યો હતો. ત્યાર પછી સૌ બેકવેન્ટ હોલમાં સ્થાન ગ્રહણ કર્યું હતું.

કાર્યક્રમ એડમિનએ પ્રારંભિક ભૂમિકા કહી પરિચય આપ્યો હતો. પરિચય મિલન દરેક રીતે અનોખો હતો. સ્ટેજ પર આવી પોતાનો પરિચય આપ્યા વગર મૈત્રીપૂર્વક માહોલમાં હળવી વાતો કરી, એન્કર દ્વારા અવનવી ગેમ સાથે રજૂઆત કરી આનંદપૂર્ણ માહોલ બનાવાયો હતો.

# યોગ્ય જોડી બનાવવાનો સગપણ સેતુનો પ્રયાસ અદ્‌ભૂત સફળતાને વર્યો











લંચ સેશન બાદ વન ટૂ વન મીટિંગ માટે પરિચય પુસ્તિકા જોઈને ગૂગલ ફોર્મ ભરી જે તે પસંદગી પાત્રની સાથે મિટીંગ કરાવવાની રિકવેસ્ટ થઈ હતી. એ મુજબ વન ટૂ વન એક એક ટેબલ પર સેપરેટ મિટીંગો કરી અપાઈ હતી. અંદાજે ૨૨૫ મિટીંગ સફળપણે થઈ હતી અને મૈત્રી પૂર્ણ માહોલમાં આ બધી પ્રક્રિયા આગળ વધી હતી. આશા છે કે જેનો પોઝિટીવ પરિણામ મળશે. એક તરફ મીટિંગના દોર શરૂ હતો. ત્યારે હોલમાં રાસ ગરબાની રમઝટ સૌ માણતા હતા. હાઈટી દ્વારા સૌનો આતિથ્ય ભાવ કરાયો હતો અને રાતે ૮ વાગ્યા પર્યંત સુધી સૌ વાતચીતમાં ગુંથાયેલા હતા.




# યોગ્ય જોડી બનાવવાનો સગપણ સેતુનો પ્રયાસ અદ્‌ભૂત સફળતાને વર્યો









સગપણ સેતુના મુખ્ય આયોજકો અલકા ચેતન ભેદા, જિનાલી નિરજ લોડાયા અને મનીષા મિતેશ લાલકાની સર્વાંગી મહેનત અને જ્ઞાતિ મહાજનના મોવડીઓના સાથથી હાઈટેક પરિચય મિલન અદ્‌ભૂત સફળતાને વર્યો હતો.

The Bridge to Your Perfect Match એ સગપણ સેતુના ધ્યેયને આગળ વધારવા આજના પરિચય મિલનનું આયોજન કરાયું હતું. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના કોરોના લોકડાઉન કાળ દરમ્યાન સંબંધીઓને મળવું મુશ્કેલ હતું. પરિવારના સંતાનોના સગપણ માટે વડીલો મૂંઝવણમાં હતા. ત્યારે ટેકનોલોજીનો સંપૂર્ણ લાભ લેવાનું સગપણ સેતુએ નક્કી કર્યું. આ સમયે બે વખત ડિજટલી ઈ-રાઈટ મેચનો પ્રોગ્રામ કર્યો. જેને જ્ઞાતિજનોએ ખૂબજ સારો પ્રતિસાદ આપ્યો હતો અને પરિણામને રીતે પણ સફળ રહ્યો હતો.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ એ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓને એક બીજાના સંપર્કમાં લાવવાનું શક્ય બનાવ્યું અને જણાવતાં હર્ષ થાય છે કે અત્યાર સુધી ૧૯૨ જેટલી સગાઈઓ થઈ ચૂકી છે. આ ઉપરાંત ઘણા સગપણ અગાઉની ઈ બુકની મદદથી કરવામાં આવ્યા છે. સગપણ સેતુએ વોટસઅપ ગ્રુપને જન્મ વર્ષ પ્રમાણે વર્ગીકૃત કર્યું છે. જેને લીધે ઉમેદવારો તેમને સંબંધિત મેચ પાત્ર જોવાનું બિલકુલ સરળ બનાવે છે, આ સાથો સાથ અલગ રીતે પેરેન્ટસ ગ્રુપ પણ છે. જેમાં તેઓ તેમના વિચારો મોકળાશપણે રજૂ કરે છે. ઉમેદવારો અને તેમના માતા પિતા સાથે અસંખ્ય ઓનલાઈન મીટિંગ કરાવી છે અને દરેકના મંતવ્યને માન આપીને આજની ઈવેન્ટ ભવ્ય રીતે અને સ્ટેજ પર આવીને રજૂઆત કરવાની બાદબાકી કરીને સૌ મૈત્રીપૂર્ણ માહોલમાં મ્હાલી પોતાને માટે પર્ફેક્ટ લાગતા જોડીદારની શોધ કરે. પસંદગી કરે એ પ્રકારે રાખ્યો હતો.

# યોગ્ય જોડી બનાવવાનો સગપણ સેતુનો પ્રયાસ અદ્ભૂત સફળતાને વર્યો







સગપણ સેતુની આ પર્યંતની સફર એ દર્શાવે છે કે યોગ્ય વિચાર, સુસ્પષ્ટ દિશા નિર્દેશન હોય, સમયના પરિવર્તન પ્રમાણે આયોજનને રજૂઆતની કુશળતા હોય તો કોઈ અડચણ કે અવરોધ લક્ષ્ય પામતા રોકી શકતા નથી. મુંબઈ જ્ઞાતિ મહાજન પોતાની રીતે માનદ રીતે ફરજ બજાવે જ છે. સગપણ સેતુ આજ પર્યંત જ્ઞાતિજનોએ આપેલ ભરપૂર સમર્થન બદલ તેમજ અનન્ય સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

વધુ ફોટો જોવા માટે https://drive.google.com/drive/folders/1a7CGAMs4mpFI5Emz47YL6FYfvba7XcRP?usp=sharing લિંક ઉપર ક્લિક કરો.





# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા એક ઐતિહાસિક નૃત્યાત્મક નાટિકા રજૂ કરાઈ : "ધજા ધીંગી ધરાજી!"





તા.૧૦ નવેમ્બર રવિવારના શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા.ની પરમ પાવક નીશ્રામાં એક ઐતિહાસિક નૃત્યાત્મક નાટિકા 'ધજા ધીંગી ધરાજી' નાટિકા ડૉ. રૂપલબેન લોડાયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત કરાયું.

ભવ્યાતિ ભવ્ય કચ્છના દરેક જિનાલયોને PPT દ્વારા રજૂ કરી સંગીતના સથવારે ભાવદર્શન કરાવાયા હતા. સાથે સાથે કચ્છની અદ્ભૂત સંસ્કૃતિ, પહેરવેશ, ગજીયો, ઉખાણા દ્વારા જાણે પ્રાચીન કચ્છ ઊભું કરાયું. મુલુંડ સંઘના પ્રમુખશ્રી અને પદાધિકારીઓ તથા પધારેલ સર્વે એટલા ભાવુક થયા હતા કે શબ્દો અને કવિતા દ્વારા પોતાની લાગણી માભોમ કચ્છ પ્રત્યે પ્રદર્શિત કરી હતી. પોતપોતાના ગામના બેનર હાથમાં લઈ નાના ભૂલકાંઓ પણ એમાં જોડાયા હતા.

મુલુંડ નગરી ખરેખર કચ્છ બની ગઈ હોય એવું જીવંત વાતાવરણ ઊભું થયું હતું. ખૂબજ મોટી સંખ્યામાં મુલુંડવાસીઓ પધારી કચ્છી જમણ અને કચ્છના અસલ ખાટલા, ઘંટી, કંડિલ, ચૂલા સૂપનું પ્રદર્શન પણ માણ્યું.

આ વર્ષનું ચાતુર્માસ પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં ખૂબજ જોરદાર થયું. પહેલાં પણ અષ્ટાપદની ભાવયાત્રાની નૃત્યાત્મક નાટિકા ખૂબજ સરસ રીતે રજૂ કરાઈ હતી. મુલુંડને મીની કચ્છ કહેવાય છે. એટલે ખરેખર આ નૃત્યાત્મક નાટિકા દ્વારા મુલુંડનગરી મીની કચ્છ બની ગયેલ હતી.

# ભારત અને કેનેડા વચ્ચે તંગદિલી પ્રર્વતે છે તથા આર્થિક મંદી પણ છે એટલે કેનેડા આવવાનો મોહ ટાળવો જોઈએ : હેમંત શાહ લોડાયા

જન્મભૂમિ ભારત અને કર્મભૂમિ કેનેડા વચ્ચે વર્તમાનમાં રાજકીય માહોલ ખરાબ છે. વધારામાં આર્થિક મંદી પણ પ્રર્વતે છે ત્યારે હાલ માટે તો સૌ કોઈએ કેનેડા આવવાના મોહ ટાળવો જોઈઓ એવો સ્પષ્ટ મત જાણીતા નોન ઈન્ડિયન રેસિડન્સ કચ્છ વરાડીયાના અને છેલ્લા ૫૦ વર્ષથી કેનેડાના વિનીપેગમાં રહેતા ઉદ્યોગપતિ હેમંત મૂળજીભાઈ શાહ લોડાયા ગુંદરવાળાનો છે. તેમની વાત-સલાહમાં વજુદ પણ છે અને આટ આટલા વર્ષોનો અનુભવનો નિચોડપણ છે.

અમેરિકા પહોંચવાનું સપનું સાકાર ન કરી શકનારા ગુજરાતીઓ-ભારતીયોની બીજી પસંદ કેનેડા હોય છે, પણ પાછલાં વર્ષોમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની ખાલિસ્તાનતરફી અને ભારતવિરોધી નીતિઓને કારણે બન્ને દેશ વચ્ચેના સંબંધો તાત્કાલિક સુધરી ન શકે એ હદે કથળ્યા છે. એવામાં કેનેડામાં એક ખાલિસ્તાની આતંકીની હત્યા પાછળ ભારતના ગૃહમંત્રી અમિત શાહનો હાથ હોવાનું કેનેડા સરકારનું નિવેદન તથા દિવાળીના દિવસોમાં બ્રેમ્પ્ટન નામના શહેરમાં હિંદુ સભા મંદિર પર પોલીસની મૂક સંમતિથી ખાલિસ્તાનીઓએ કરેલા હુમલાના બનાવથી ભારત-કેનેડાના સંબંધોમાં વધુ કડવાશ આવી છે.

## ઈન્ડિયા-કેનેડાના સંઘર્ષથી વ્યથિત કચ્છી ઉદ્યોગપતિ હેમંત શાહએ કેનેડાના વડાપ્રધાનને પત્ર લખ્યો




ભારત અને કેનેડા વચ્ચે દિવસો દિવસ તણાવ વધી રહ્યો છે. જેની વિપરીત અસર એજ્યુકેશન વેપાર, વિઝા વગેરે સેક્ટર પર થઈ રહી છે. આ પરિસ્થિતિ વ્યથિત થઈ મૂળ કચ્છ વરાડીયાના અને હાલે છેલ્લા પાંચ દાયકાથી કેનેડામાં વસતા એન.આર.આઈ.હેમંત મૂળજી શાહ-લોડાયા ગુંદરવાળાએ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ ભારત અને કેનેડાના સંબંધો સુધારવાની અપીલ કરી છે. કોમનવેલ્થ દેશો એવા કેનેડા ભારત વચ્ચે જૂના અને દ્રઢ સંબંધો હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. બંન્ને દેશો વચ્ચે વ્યાપારિક સંબંધોના મહત્વ વિશે પણ જણાવ્યું છે.

જો કે આવા સંજોગોમાં પણ ભારતીય વિદ્યાર્થીઓનું કેનેડા પ્રત્યેનું આકર્ષણ ઓસર્યું નથી. એ વિશે કેનેડાના વિનિપેગમાં પાંચ દાયકાથી રહેતા કચ્છી બિઝનેસમેન હેમંત શાહ કહે છે:

'ભારત-કેનેડા વચ્ચેના રાજદ્વારી તનાવને લીધે અહીં માહોલ ખરાબ છે. પાછલાં વર્ષોમાં મોંઘવારી વધી હોવાથી વિદ્યાર્થી માટે મુશ્કેલ સમય છે. યુનિવર્સિટીઓની સરકારી ગ્રાન્ટ બંધ થઈ હોવાથી વિદેશી વિદ્યાર્થીઓની ફી પણ વધી છે. વિદેશી વિદ્યાર્થીઓને અઠવાડિયે વીસેક કલાકની નોકરી લેવાની છૂટ છે, પણ આર્થિક મંદીને લીધે એક નોકરી માટે સેંકડો યુવકો ઈન્ટરવ્યૂ માટે આવે છે.'

હેમંતભાઈ ઉમેરે છે કે એજન્ટો તો ફક્ત ઊજળી બાજુ જ દર્શાવે છે. ભારતીય વાલીઓને મારો સવાલ એ છે કે પોતાના રાષ્ટ્ર સાથે શત્રુભાવ રાખનારા દેશમાં સંતાનને મોકલવાનો આગ્રહ શું કામ રાખવો જોઈએ? એક અહેવાલ પ્રમાણે કેનેડામાં આરોગ્યસેવા પણ વસાહતીઓ માટે પૂરતી નથી. ઓન્ટારિયો રાજ્યમાં અઢી લાખ લોકો ફેમિલી ડોક્ટર વિના જીવે છે.

કેનેડાના ભારતીયોએ જણાવ્યા મુજબ, શીખ વિદ્યાર્થીઓ ભારતવિરોધી પ્રદર્શનમાં ભાગ લઈને ખાલિસ્તાનનું સમર્થન કરનાર ગુરૂદ્વારા પાસે રિફ્યુજી સ્ટેટસની ભલામણ કરતા પત્રો મેળવી લે છે. કેનેડાની સરકારની ડિવાઈડ ઍન્ડ રૂલ નીતિને કારણે શીખ અને અન્ય વિદ્યાર્થીઓમાં ઘર્ષણ ઊભું થાય છે.

|| જય જય શ્રી આદિનાથાય નમઃ || || જય જય શ્રી અનંતનાથાય નમઃ ||

|| શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ–દાન–નેમ–ગુણ–ગુણોદય–કલા–કવિ–વીર–મહોદયસાગર સૂરિભ્યો નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથ ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ

ના આંગણે

રાગ નો ત્યાગ છે — ત્યાગ નો રાગ છે

# આત્માર્પણમ્

પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે શ્રી ચતુર્વિધ સંઘને ભાવભર્યું આમંત્રણમ્

## SAVE THE DATE

**: મહોત્સવ પ્રારંભ :**
તા. ૨૦-૧૧-૨૦૨૪
કારતક વદ ૫ બુધવાર

**: મહોત્સવ પૂર્ણાહુતી :**
તા. ૨૪-૧૧-૨૦૨૪
કારતક વદ ૯ રવિવાર

**: પાવન નિશ્રા :**

સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.
શ્રીમદ્ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.,
સરલ સ્વભાવી પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
સાધના સમ્રાટ પ.પૂ. ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ

### આનંદ કી ઘડી આઈ... સખી રે... આજ આનંદ કી ઘડી આઈ...

| | |
|---|---|
| કારતક વદ ૪, મંગળવાર<br>તા. ૧૯ નવેમ્બર ૨૦૨૪ | સવારના ૭.૦૦ કલાકે : અચલગચ્છાધિપતીશ્રીની વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદ સાથે પધરામણી (સામૈયું) - સૌરાષ્ટ્ર દુગ્ધાલય થી |
| કારતક વદ ૫, બુધવાર<br>તા. ૨૦ નવેમ્બર ૨૦૨૪<br>સ્થળ : અનંત સિધ્ધિ | સવારના ૯.૦૦ કલાકે : ભવ્ય સ્નાત્ર પૂજા, ૧૦.૩૦ કલાકે : પૂજ્યોશ્રી દ્વારા માંગલીક પ્રવચન<br>બપોરે ૨.૩૦ કલાકે : શ્રી આદિનાથ પંચ કલ્યાણક પૂજા (શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંડળ દ્વારા),<br>સાંજે ૭.૦૦ કલાકે : શ્રી મહાકાલી માતાજીની ભાવના (શ્રી અનંત મિત્ર મંડળ દ્વારા) |
| કારતક વદ ૬, ગુરૂવાર<br>તા. ૨૧ નવેમ્બર ૨૦૨૪ | સવારના ૯.૦૦ કલાકે : આ ધારા તો પુણ્યની ધારા છે. વર્ધમાન શક્રસ્તવ અભિષેક (નૈતિક શાહ મહેતા દ્વારા સંગીતના સથવારે), બપોરે ૨.૦૦ કલાકે : કેશરિયો રંગ જિનશાસનનો આપજો (સંયમ વસ્ત્ર રંગોત્સવ) વિપુલ ગાંધી અને કવીશા ગાલા દ્વારા, રાત્રે ૭.૦૦ કલાકે : સાંસ્કૃતિક કાર્યક્રમ અને દાતાશ્રીઓનું અભિવાદન |
| કારતક વદ ૭, શુક્રવાર<br>તા. ૨૨ નવેમ્બર ૨૦૨૪ | સવારના ૭.૦૦ કલાકે : શોભાયાત્રા... રજવાડી વરસીદાન બાદ બેઠુ વરસીદાન, પૂજ્યોશ્રી દ્વારા વ્યાખ્યાન, બપોરના ૨.૦૦ કલાકે : આયંબિલનું આરોહણ... અંતર્મુખતાનું પ્રરોહણ (કાંઇક અનોખું) પદમ્ આર્ટસ (ચેતનાબેન હરીયા દ્વારા), સાંજના ૭.૦૦ કલાકે : અલવિદા પ્યારા પરિવારને (મૌલિકભાઈ શાહ, પારસ ગડા દ્વારા) – મુમુક્ષુનું વિદાય સમારંભ |
| કારતક વદ ૮, શનિવાર<br>તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | સવારના ૮.૦૦ કલાકે : મુમુક્ષુ કુમારી હીરલ શૈલેશ પીરનું પ્રવ્રજ્યા પંથે શુભ પ્રયાણ (શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને કચવન્ન-મેઘ-જય નંદુ), સાંજે ૭.૦૦ કલાકે : સાંસ્કૃતિક કાર્યક્રમ અને દાતાશ્રીઓનું અભિવાદન |
| કારતક વદ ૯, રવિવાર<br>તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | સવારના ૮.૦૦ કલાકે : Vibrant Salute to Vardhaman Tap (વિરાજભાઈ શાહ, ભાવિકભાઈ શાહ) પ.પૂ.સા. શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. ની ૧૦૦ ઓળીનું પારણું. |

### કેશર મનહર વિશ્વ વાટિકામાં



**પ.પૂ. સા. શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરવા જઈ રહ્યા છે.**
**અને મુમુક્ષુ કુ. હીરલબેન નું સંયમ પંથે શુભ પ્રયાણ થવા થઈ જઈ રહ્યું છે ત્યારે**

આપ સહુ... આચાર્ય ભગવંતો, પદસ્થ ગુરૂ ભગવંતો, સાધુ–સાધ્વીજી, શ્રાવણ–શ્રાવિકાઓને સાજન મહાજન સાથે પધારવા હાર્દિક આમંત્રણ...

તા. ૨૧–૧૧–૨૦૨૪ થી તા. ૨૪–૧૧–૨૦૨૪ સુધી સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.

**કાર્યક્રમનું શુભ સ્થળ :**
વિનિતા નગરી, વિલેજ રોડ, રોલેક્ષ મેટલની સામે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**વધુ વિગત માટે સંપર્ક :**

ધાર્મિક સમિતિ કન્વીનર : શ્રી મનોજ લોડાયા – 98330 39980

ધાર્મિક સમિતિ : ચાંદની લાલકા, અભય ખોના, વિપુલ લોડાયા, હરીશ ડાયા, પરેશ ગોસર, રાજેશ લોડાયા, હિતેશ મેશેરી, વિપુલ પોલડીયા, પંકજ પોલડીયા


લિ. ચેતન મોતા, રાજુલ પટેલ (મુંબઈ મહાજન માનદ્ મંત્રીઓ)

આપનું આગમન અમારૂં આનંદ, આપની ઉપસ્થિતિ અમારો ઉલ્હાસ
આ શુભ અવસર આપ ડેરો માનજો, જો મલી ન શકાયુ હોય રૂબરૂ તો પણ પ્રેમથી પધારજો.

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં શત્રુંજય ભાવયાત્રાની ધર્મ આરાધનાઓ થઈ







તા.૧૫ નવેમ્બર શુક્રવારના દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ચાતુર્માસ પર્ણાહૂતિ અને કાર્તિક પૂનમના પાવન દિને શંત્રુજ્ય ભાવયાત્રાનું ધર્મભાવ આયોજન કરવામાં આવેલ.

સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી કાર્યક્રમ ચાલ્યો હતો. બહોળી સંખ્યામાં ધર્મ પ્રેમી ભાઈ બહેનો જોડાયા હતા. ૧૦૮ ખમાસણા આપવામાં આવ્યા હતા. માણેકજી વેરશી નાગડા અને માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા પરિવાર તરફથી રૂા.૧૦, ૧૦નું સંઘ પૂજન કરાયેલ. સમગ્ર કાર્યક્રમની સુચારૂપણે વ્યવસ્થા શ્રી સુવિધિનાથ મંદિરના ટ્રસ્ટી દ્વારા કરાઈ હતી.

# તિરૂપુર સંઘમાં ચાતુર્માસ પૂર્ણાહૂતિ કાર્યક્રમ યોજાયો









દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વી શ્રી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તા.૧૦ નવેમ્બર રવિવારના ચાતુર્માસ પૂર્ણાહૂતિ સાથે ચાતુર્માસ દરમ્યાન સહયોગ આપનાર મહાનુભાવોનું બહુમાન કરવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

પ્રારંભે સુવિધિનાથ દેરાસરના ટ્રસ્ટી દીપક ખીમજી છેડાએ ગુરૂવંદના કરી કાર્યક્રમની શરૂઆત કરી સકળ સંઘને આવકાર્યા. ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા ચાર્તુમાસ દરમ્યાન થયેલા વિવિધ કાર્યક્રમની ટૂંકમાં ઝલક આપી હતી. બધા સહયોગી દાતાનું ભાવપૂર્વક બહુમાન કર્યું હતું. ત્યાર બાદ બાળકો દ્વારા નાટક, નૃત્યના કાર્યક્રમ રજૂ કરાયા. ટ્રસ્ટી રાજીવ બુધ્ધિધન મોમાયા એ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન દિનેશ કેસરીમલ અને રાહુલ સતીષ નાગડાએ કર્યું હતું. સંકલ સંઘને માટે સ્વામિવાત્સલ્ય અને સંઘપૂજન શ્રી સુવિધિનાથ સંઘ તરફથી રાખવામાં આવેલ. તથા કાર્યક્રમની બધી વ્યવસ્થા શ્રી સુવિધિનાથ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા કરાયેલ.

# જખૌ તીર્થે મહારાજ સાહેબનું ચાતુર્માસ પરિવર્તન











જખૌ તીર્થે સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ના ચાતુર્માસ પરિવર્તન થયું. સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકાઓ શ્રધ્ધા ભાવ સાથે જોડાયા હતા અને ચાતુર્માસના ધર્મ લાભ માટે રાજીપો વ્યક્ત કર્યો હતો.


।। દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ।।

।। વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ।।

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી–ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ–૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા – એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● **સંપર્કઃ મેનેજર – ભરતભાઈ દંડ – 9929917712**

**સૌજન્ય : શ્રી મુકુંદ મણીલાલ મોમાયા (સુથરી–અબડાસા–કચ્છ)**

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગમાં શ્રી શત્રુજ્યના ૧૦૮ ખમાસમણા થયા







તા.૧૫ નવેમ્બર શુક્રવારના કાર્તિકી પૂર્ણિમાના પાવન અવસરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ મધે શ્રી શત્રુંજ્યના ૧૦૮ ખમાસમણા થયાં. સંઘના ધર્મપ્રેમી ભાવિકજનો, શ્રધ્ધાળુભાઈ બહેનો ભવ્ય ઉત્સાહથી ધન્ય લાભ લીધો હતો. લાભાર્થી માતુશ્રી કુંવરબાઈ વિશનજી માયાભાઈ મોતા રહ્યાં હતાં.






# મંજલ રેલડીયા સંઘમાં ૮૭ વર્ષે પછી ચાતુર્માસ ભવ્યતા સાથે થયું







મંજલ રેલડીયા નગર સંઘમાં ૮૭ વર્ષે થયેલ ચાતુર્માસના સંપૂર્ણ ચાતુર્માસના દાતા માતુશ્રી વિજયાબેન કલ્યાણજી વોરા પરિવારની અનુમોદના સાથે પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચાતુર્માસ પૂર્ણાહૂતિએ તા.૧૨ નવેમ્બર મંગળવારથી તા.૧૪ નવેમ્બર ગુરૂવાર સુધી ત્રિહાન્હિકા મહોત્સવમાં ધર્મ આરાધનાઓ ભવ્ય ભાવ સાથે કરાઈ.





# ૫ વર્ષીય ધ્યાના મૈશેરીએ વર્લ્ડ શોટોકન કરાટે ચેમ્પિનચનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો




રવિવાર, તા.૧૦ નવેમ્બરના ગોવાના પેડમ સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે યોજાયેલ પ્રતિષ્ઠિત વર્લ્ડ શોટોકન કરાટે ચમ્પિયનશીપમાં ૫ વર્ષીય ધ્યાના નંદન કિરીટકુમાર મૈશેરી અંડર-૫ ગર્લ્સ કેટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં સહભાગ લીધો હતો. જેમાં તે ઉજવળી દેખાવ કરી વિજય હાંસલ કર્યું અને દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આમ નાનકડી ટબુકડીએ જ્ઞાતિ પરિવાર અને રાષ્ટ્રનું નામ રોશન કર્યું.

આ સ્પર્ધામાં ૨૩ દેશોના એથ્લેટસ ભાગ લીધો હતો. કુમાઈટમાં તેણીની પ્રતિસ્પર્ધી ૫ વર્ષની કઝાકિસ્તાનની ખેલાડી હતી. સમગ્ર સ્પર્ધામાં ધ્યાનાનું પ્રદર્શન અસાધારણ અને સર્વોત્તમ હતું. જેને લીધે સૌના દિલ જીતી લીધા હતા.

કરાટેમાં ધ્યાનાની સફર માત્ર ૧.૫ વર્ષની નાની ઉંમરે શરૂ થઈ હતી. જ્યારે તેણે પ્રથમ વખતે તેની મમ્મી હર્ષિતાના સમર્પિત માર્ગદર્શન હેઠળ તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. માતા-પિતા હર્ષિતા અને નંદન કિરીટકુમાર મૈશેરી અને ટ્રેનર રાજેશ સિંઘનું શરૂઆતથી સ્પષ્ટ વિઝન રહ્યું હતું કે ધ્યાના માર્શલ માટે અસાધારણ પ્રતિભા ધરાવે છે. તેણીની આ આર્ટ શીખવા અને સુધારવા માટેની પ્રતિબધ્ધતા પ્રારંભિક પાઠોથી સ્પષ્ટ હતી.

ધ્યાના માટે માતા પિતા શક્તિ અને સમર્થનના અડીખમ સ્તંભ અને તેના માટે સતત પ્રેરણારૂપ રહ્યાં છે. જે પોતાની પુત્રી કુશળતાનો પોષી રહ્યાં છે અને ઉચ્ચતમ શિખર સુધી પહોંચાડવા માટે અવિરત પ્રોત્સાહિત કરતા રહ્યાં છે.

ગોવામાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સાતત્ય અને પ્રગતિ ભરી વૃધ્ધિ દર્શાવ્યા પછી ધ્યાના મૈશેરી ગ્રીન બેલ્ટની પરીક્ષામાં ભાગ લેવાની તૈયારી કરી રહી છે. જે તેણીની નોંધપાત્ર કરાટે સફર માટે વધુ એક સીમાચિન્હ રૂપ છે.

તેના માટે પરિવારજનોનો ટેકો ખાસ કરીને દાદી દાદા શ્રીમતી કીર્તિ અને કિરીટ મૈશેરી તથા મામી મામા શ્રીમતી હિના અને ચંદ્રેશ ડાઘા તરફથી મળતો ભાવનાત્મક સપોર્ટ શક્તિ સાથે પડકારોનો સામનો કરવા માટેની તાકાત બક્ષે છે. શરૂઆતથી લઈને વિશ્વ મંચ પરની સ્પર્ધા કરવા સુધીની ધ્યાનાની પ્રગતિ ભરી સફર પ્રારંભિક સમર્પણ શિસ્ત અને શ્રેષ્ઠતાની અવિરત શોધની શક્તિનો પુરાવો દર્શાવે છે. જેમ જેમ ધ્યાના પોતાની રેન્કમાં સતત વધારો કરે છે. તેમાં કોઈ શંકા નથી કે તેણીનો જુસ્સો અને સખત મહેનત ભવિષ્યમાં વધુ મોટી સિધ્ધિઓ માટેનો માર્ગ મોકળો કરશે.

સુવર્ણ ચંદ્રક સાથે તેણીએ શોટાકેન કરાટેની દુનિયામાં પહેલેથી જ એક અવિશ્વસનીય છાપ બનાવી છે અને આ માત્ર એક પ્રેરણાદાયી પ્રવાસ બનવાનું વચન આપે છે તેની શરૂઆત છે.

તેણીએ મેળવેલ સિધ્ધિ માટે હાર્દિક અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભકામના.

# સંજીવની કેસ નં.૧૬૦ માટે જરૂરી રૂા.૨.૨૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ સ્ટોપ કરાયું




કચ્છ તેરા હાલે ડોંબિવલીના ૬૪ વર્ષીય હરેશભાઈ શામજી લોડાયા છેલ્લાં ૧૨ વર્ષથી ક્રોનિક કિડનીની વ્યાધિથી પીડિત છે. વર્તમાન સમયે ગેસ્ટ્રોએન્ટેરિટિસની ગંભીર તકલીફ અને મેલેનાને કારણવશ હોસ્પિટલાઈઝ કર્યા છે. તદ્‌ઉપરાંત એરવે રોગના હળવા અવરોધકથી ગ્રસ્ત છે.અગાઉ વડોદરામાં કચ્છી દાબેલીના નાનકડી દુકાન ચલાવતા હતા. લાંબી બિમારીવશ ઈલાજમાં બધી બચત વપરાઈ ગઈ. દર્દીની પરણિત પુત્રીઓ છે અને ઘરમાં પતિ પત્ની બે જણ છે. નથી મેડિક્લેઈમનો કોઈ આધાર અને બિમારી વશ આવી પડેલ આપદાની સારવારનો અંદાજિત ખર્ચ રૂા.૨.૨૦ લાખનો ડોક્ટરોએ આપેલ. જે મદદરૂપે મળે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સમક્ષ સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી.

આજ સુધીના ૧ થી ૧૫૯ કેસોમાં ઉદારદિલ દાતાઓના તાત્કાલિક સપોર્ટને લીધે દરેક કેસ ટૂંક સમય દરમ્યાન જ ઉકેલાઈ ગયા. તે મુજબ આ અરજી સંજીવની કેસ નં. ૧૬૦ના માટે જરૂરી રકમ રૂા.૨.૨૦ની ટહેલ ક્રાઉડ ફંડિગમાં મૂકાતા માનવતાવાદી વલણ ધરાવતા વ્યક્તિગત દાતાઓ, મહાજનો, એકમ, સંસ્થા ટ્રસ્ટ અને સંજીવની પેટ્રોનની તથા અનામી દાતાની વહેલા સરની મદદને લીધે જરૂરી ભંડોળ નોંધપાત્ર સમયમાં એકઠું થઈ જતાં સદર અરજી નં.૧૬૦ને ક્રાઉડ ફંડિગથી પરત લઈ લેવાઈ છે. નૂતન વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભે જ ઉદાર જ્ઞાતિજનોના સહયોગ બળથી હરેશભાઈ લોડાયાને સમયસર સધિયારો આપી શક્યા તે બદલ સૌ સહયોગી કર્તા દાતાઓ, શ્રેષ્ઠીજનોના આભારી છીએ. સૌને શત શત વંદન.

# Anumodana

## Sanjivani Case - 156

**Name:Mr. Nalin A. Bhagat ( Dharamshi), Age : 75 yrs. Village: Jakhau (Thane)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 15,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Coimbatore | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| **Individual Donors** | |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivaar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Khona, Vapi | 5,000.00 |
| Kumari Chandani Milan Maheshwari, jakhau - Pune | 5,000.00 |
| Shri Devendra Dharamshi | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Hitesh Laxmichand Soni | 1,000.00 |
| Well Wisher | 500.00 |
| Kumari Mayuri M. | 500.00 |
| Shri Raichand Devshi Jiwani, Jakhau - Dombivli | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Deepesh C. Shah | 500.00 |
| Shri Pomesh Hirachand, Momaya, Ghatkopar | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case No. 150 Balance | 14,800.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 158

**Name: Mrs. Rekha Hiren Lodaya,** **Age : 46 yrs.** **Village: Tera - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Tera | 2,500.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 5,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd., (Shri Kirti Dhanji Dharamshi - Bangalore | 2,000.00 |
| **Individual Donors** | |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Kishore Tejpal Shah (Ratani), Tera - Pune | 5,001.00 |
| Shrimati Yogita shwar Dand | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shri Karan Girish Meisheri | 3,000.00 |
| Shri Arvind Lalji Lodaya, Varapadhar - Gandhidham | 2,500.00 |
| Shri Niranjan Narshi Lodaya, Anjar | 2,000.00 |
| Shri Mahesh C. Lodaya | 1,500.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Ankit Tilakchand Shah | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Velji Lodaya, varapadhar - Dombivli | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivaar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shrimati Vaishali Lalit Shah, Hyderabad | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Case NO. 157 Balances | 37,001.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 159**

**Name:Mr. Mahendra Rupshi Dharamshi, Age : 71 yrs. Village: Rangpur - Dombivli**

| | |
|---|---|
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (A Silent Donor) | 65,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Previous Case No. 157 Balance | 12,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 160**

**Name:Mr. Haresh Shamji Lodaya, Age : 64 yrs. Village: Tera - Dombivli**

| | |
|---|---|
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 5,000.00 |
| Matushri Ratanbai Narshi Dharamshi ,Matushri Kasturibai Visanji Dharamshi,Suthari-Mulund (H:H.D.Fire Protect Pvt. Ltd.) | 25,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (A Silent Donor) | 71,000.00 |
| Shri Pravinchandra Ramji Lodaya, Nani Khavdi - Sangli | 20,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 10,000.00 |
| Ms. Kinnari Maisheri, Vadodara | 5,000.00 |
| Shri Mahendrabhai Bhavanji Mota, Tera - Nadiad | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Niranjan Narshi Lodaya, Anjar | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah, Raichur | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન



તા.૧૬ નવેમ્બર શનિવાર દિને અબડાસાના ઐતિહાસિક કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રીજી જયધર્માશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન થયું.


KDO

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |


## શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરૂપુરના સેક્રેટરી પદે વરણી





શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરૂપુરની નવી ટર્મ વર્ષ ૨૦૨૪-૨૬ માટે નવ નિયુક્ત કારોબારીની વરણી કરાઈ. જેમાં સતીષ એચ.નાગડા પુનઃ ચૂંટાઈ આવ્યા છે. આ વખતે સતત બીજી ટર્મ માટે તેઓ વરાયા છે. સતીષ એચ. નાગડા ગૌરવપૂર્ણ રીતે મંડળની કમિટીમાં વર્ષ ૨૦૧૨ થી સેવાકીય કાર્ય કરતાં સંકળાયેલા છે અને અન્ય સેક્રેટરી તરીકે જયકુમાર આર.મોમાયાની વરણી થઈ છે. બંન્ને જ્ઞાતિબંધુઓને આ પદે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સાથે મંડળના નેજા હેઠળ ઉત્તમ કાર્ય કરતા રહી આગળ વધતા રહો એ શુભેચ્છા. આ ઉપરાંત તિરૂપુર શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળના નવા પ્રેસિડન્ટ તરીકે હસમુખ રામજી પંચમીયા, વાઈસ પ્રેસિડન્ટ તરીકે સુરેશકુમાર જે. વિભાકર તથા ટ્રેઝરર તરીકે હિમાંશુ ડી. શાહ નિયુક્ત થયા છે.


જૂના અને જાણીતા

અનવર ઢોલી

આપને ત્યાં શુભ પ્રસંગે





દાંડિયા રાસ, લગ્નગીત, રાસગરબા, ધમાલ, બાર દાંડિયા, ચાર દાંડિયા મટુકડી, ઢોલ રાંધ, સામૈયું

9820694055

8169566734

૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક, શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.

## એડવોકેટ મીનલ ખોના JITO સેન્ટર ફોર એકલન્સના ડાયરેક્ટર ઈન ચાર્જ તરીકે વરાયા



નવી મુંબઈના એડવોકેટ મીનલ ખોનાની વરણી જૈન કમ્યુનિટીના જાણીતા સેવાકીય સંગઠન જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન. JITO સેન્ટર ફોર એકલન્સ એપેકશ વર્ષ ૨૦૨૪-૨૬ની ટર્મ માટે ડાયરેક્ટર ઈન ચાર્જ તરીકે વરણી પામ્યા છે.

જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ તેમજ અન્ય સંગઠનોની સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રપણે રહી નોંધપાત્ર કાર્ય કરતા રહેતા મીનલ ખોનાની JITO સેન્ટર ફોર એકલન્સના ડાયરેક્ટર ઈન ચાર્જ તરીકે ઉત્તમોત્તમ કાર્ય કરી આગળ વધતા રહે એ જ શુભકામના સાથે નૂતન પદ નિયુક્તિ માટે હાર્દિક અભિનંદન.

## આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌવાસીઓનુ સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરિવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૦ થી ૨૪ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ-ડીગ્રસની દિક્ષા તથા પ.પૂ. સાધ્વી શ્રી કલ્પપ્રિયા શ્રી જી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવઃ આયોજકઃ શ્રી મુંબઈ મહાજન, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાડુંપઃ ભાંડુપમાં |
| તા. ૨૨ નવેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચુંટણી માટે ઉમેદવારી પત્રક ભરવાનું આખરી દિવસ. |
| તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમુહ પહેડી. સવારના ૯.૧૫ ક. થી : સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચૂંટણી વિવિધ મતદાન કેન્દ્રો પર. |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |

# તેરા તીર્થે કાર્તિક પૂર્ણિમાની ભાવ સભર ધર્મ આરાધનાઓ થઈ





તા.૧૫ નવેમ્બર શુક્રવારના વિક્રમ સંવત ૨૦૮૧ના નવ વર્ષના પ્રારંભિક દિવસોએ કાર્તિક પૂર્ણિમાના પાવન અવસરે પ.પૂ.સાધ્વીશ્રી જગતત્રયાશ્રીજી મ.સા.ના નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ ભવ્ય ધર્મ ભાવ સાથે કરાઈ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**રાહુલભાઈ મૈશેરી**
તા.૯ નવેમ્બર (ઉ.૪૮)
સીંધોડી મોટી–ઉજ્જૈન



**કાલીંદીબેન ધરમશી**
તા.૯ નવેમ્બર (ઉ.૬૯)
સુથરી–અમેરીકા



**તારાબાઈ નાગડા**
તા.૧૦ નવેમ્બર (ઉ.૭૬)
નલીયા–ખામગામ



**મહેન્દ્રભાઈ ધરમશી**
તા.૧૧ નવેમ્બર (ઉ.૬૬)
છાદુરા–મસુર



**આકાશભાઈ નાગડા**
તા.૧૩ નવેમ્બર (ઉ.૨૬)
નલીયા–ડોંબિવલી



**પ્રદીપભાઈ નાગડા**
તા.૧૫ નવેમ્બર (ઉ.૭૨)
કુઆપધર–ડોંબિવલી



**વિજયાબેન દંડ**
તા.૧૬ નવેમ્બર (ઉ.૬૯)
મંજલ રેલડિયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંદરા આસપાસના વિસ્તારમાં હરિયાળી ફેલાવી લીલોછમ બનાવવાનું સમાજપયોગી કાર્યોમાં સતત અગ્રેસર એવા અદાણી ફાઉન્ડેશને બીડું ઝડપ્યું છે. ફાઉન્ડેશન દ્વારા મુંદરા નજીકના પીપરી અને નાની ખાખર ગામે અદાણીવનનું ખાત મુર્હૂત કરવામાં આવ્યું અત્રે ૧૨ હજાર વૃક્ષનું વાવેતર કરી અદાણી વનમાં ડ્રીપ ઈરીગેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રણ વર્ષમાં શુષ્ક વિસ્તારમાં વૃક્ષોની માવજત કરી હરિયાળી પાથરવા એડીચોટીનું જોર લગાવવામાં આવશે. મુંદરના પેટ્રોકેમ લિમીટેડના સહયોગથી નાની ખાખર ખાતે ૧૦ હજાર વૃક્ષ રોપવામાં આવ્યા હતા. તાજેતરમાં અદાણી ફાઉન્ડેશનની વૃક્ષારોપણની અદ્‌ભૂત કામગીરી બદલ ગુજરાત સરકાર દ્વારા વન પંડિત પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

● જિલ્લામાં ૨૦૧૧ પછી વસતી ગણતરી થઈ નથી પરંતુ ૫૮૧૩૦૯ રેશનકાર્ડ ધારકોના પરિવારોના સભ્યો સંખ્યા જોતા દર્શાવાયેલી જન સંખ્યા ૨૪૩૧૮૨૨ હોવાની માહિતી સામે આવી છે. અત્યાર સુધી આધારકાર્ડ સાથે પેનકાર્ડ લિંક કરવાની કે.વાય.સી.ની વ્યવસ્થા અમલમાં હતી. પરંતુ હવે જો કોઈપણ ભવિષ્યમાં સરકારી બિન સરકારી લાભો મેળવવા હોય તો રાશનકાર્ડ આધાર કાર્ડ સાથે જોડાયેલું હોવું ફરજિયાત છે.

● બે વર્ષ અગાઉ ભુજમાં શરૂ થયેલી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં આધુનિક ઉપકરણો સાથે કેન્સર સારવાર માટે જિલ્લામાં સૌથી વ્યસ્ત અને વિભાગ સાથે સેવારત થઈ છે. આ વિભાગને જયસામ કેન્સર ડિપાર્ટમેન્ટ તરીકે ઓળખ અપાઈ છે. જેમાં ૨૧ કરોડનું ટુબીમ મશીન સ્થાપિત કરાયું છે. જિલ્લાના ૮૦ ટકા દર્દી કેન્સર સારવાર માટે આ વિભાગમાં પહોંચે છે. પ્રતિદિન ૧૦ નવા કેસ ઉમેરાય છે. પ્રતિમાસ ૭૦ થી ૮૦ જેટલા રેડિશન (શેક) ૧ હજાર કિમો અને ૪૫ જેટલી કેન્સર સર્જરી થઈ રહી છે.

● કચ્છના તરણેતર મેળાની ઉપમા મેળવેલ મોટા યક્ષ મેળાની મોજ બે દિવસમાં બે લાખ લોકોએ માણી હતી. યક્ષ બોંતેરાના સ્થાનક કાકડભિટ્ટ મોટાયક્ષ ખાતે બે દિવસીય મેળાને રાજ્યના પ્રવાસન મંત્રીએ ખુલ્લો મૂક્યો હતો. હૈયે હૈયું દળાય એવી જનમેદનીએ મોતના કૂવા, મોટા ચકડોળ, ચીચોડા ઉપરાંત નવીનતમ રાઈડમાં બેસી મોબાઈલમાં મોજની ક્ષણો કંડારી સોશિયલ મીડિયામાં અપલોડ કરી હતી. ૭૦૦ જેટલી ખાણી પીણી, રમકડા તેમજ અન્ય ચીજ વસ્તુઓના સ્ટોલેથી લોકોએ ખરીદારી કરી હતી.

● બંદરીય શહેર માંડવીની ભાગોળે ગુંદિયાળી ગામના વલસરા વિસ્તાર સ્થિત રાવળપીર દાદા મંદિરની લગોલગ દરિયા તટે રૂ.૫ કરોડની લાગતથી બીચનું કાર્ય વિકસી રહ્યું છે. તો મસ્કા ગામના સીમાડે માંડવીના પનોતાપુત્ર ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના ક્રાંતિતીર્થનું ૧૨ કરોડના ખર્ચે નૂતનીકરણનું કાર્ય અંતિમ તબક્કે પહોંચ્યું છે જે ટૂંક સમયમાં લોકદર્શન માટે ખુલ્લુ મૂકાશે.

● રાજ્યના અમદાવાદ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓનું વિભાજન કરી ત્રણ જિલ્લા નવા બતાવવાની રાજ્ય સરકારની વિચારણા ચાલી રહી હોવાનું બહાર આવતા લોકોમાં વિરોધનું સુર જોવા મળ્યો હતો. બનારસકાંઠાના રાધનપુર, વાવ, સૂઈગામ, લાખણી તથા કચ્છના રાપર તાલુકો અને પાટણના સાંતલપુર તાલુકાનો મળી નવો જિલ્લો બનાવવો એવા વિચાર પ્રસ્તાવનો વાગડ વિસ્તારના લોકોએ સદંતર વિરોધ દર્શાવ્યો છે. કચ્છના ટુકડા ન થવા દેવાની પ્રબળ લાગણી વ્યક્ત થઈ હતી. તો સાંસદ વિનોદભાઈ ચાવડાએ પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ માટે ગાંધીનગરમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળતાં મુખ્ય પ્રધાનએ આ બાબતનો વિભાજન કરવાનો કોઈ વિચાર જ ન હોવાનું કહ્યું હતું.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA